દિલ્હીના રોડ શોમાં નવ ઉદ્યોગજૂથો ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં મૂડીરોકાણ કરવા સહમત

અવાડા એનર્જીના ચેરમેન વિનીત મિત્તલ દ્વારા રાજ્યમાં બિનપરંપરાગત ઉર્જા સેક્ટરમાં ૨૦૦૦૦ કરોડના રોકાણની જાહેરાત : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ રોડ-શોનો રાજધાનીથી પ્રારંભ કર્યો, છ શહેરોમાં મૂડીરોકાણ માટે રોડ-શો કરાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશની રાજધાની નવી દિલ્હીમાં રોડ-શો યોજીને ગુજરાતની ૧૦મી ગ્લોબલ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં મૂડીરોકાણ કરવા માટે દેશભરના ઉદ્યોગજૂથોને આમંત્રણ આપ્યું છે.

આ પ્રકારના રોડ-શો દેશના છ મોટા શહેરોમાં કરીને મુખ્યમંત્રી વાયબ્રન્ટ સમિટમાં ઉદ્યોગજૂથોને આમંત્રણ આપી મૂડીરોકાણ માટે વિનંતી કરશે.

રોડ-શો દરમ્યાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગુજરાતમાં ૨૦૦૩થી દર બે વર્ષે યોજાતી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર સમિટ હવે ગ્લોબલ નોલેજ શેરીંગ નેટવર્કિંગનું વૈશ્વિક પ્લેટફોર્મ બની ગઈ છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦મી જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મહાત્મા મંદિરમાં આ સમિટનો પ્રારંભ કરાવશે. આ સમિટમાં વિવિધ દેશોના મહાનુભાવો, બિઝનેસ ડેલિગેશન, રાજ્યોના વડા અને ઉદ્યોગજૂથો તેમજ ભારતના સરકારના મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેવાના છે.

મુખ્યમંત્રીએ દેશના ઉદ્યોગજૂથોને સંબોધન કરતાં કહ્યું હતું કે આ વખતે સમિટની થીમ આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે. તેમણે દાવો કર્યો હતો કે દેશમાં સૌથી વધુ એફડીઆઈ એટલે કે ૨૧.૯ યુએસ બિલિયન ડોલર જેટલું રોકાણ ૨૦૨૧માં ગુજરાતે મેળવ્યું છે. ભારતના ભાવિ વિકાસ ગ્રોથમાં ધોલેરા સર,

● અનુસંધાન પાન-૭ પર

મુખ્યમંત્રીની મોદી સાથે મુલાકાત

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં વાયબ્રન્ટ સમિટના પ્રારંભ પૂર્વે યોજાયેલા રોડ-શો અને વન-ટુ-વન બેઠકો પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શુભેચ્છા મુલાકાત લઈ તેમને વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું હતું. આ સાથે તેમણે ગુજરાતમાં ૧૦મી વાયબ્રન્ટ સમિટની ચાલી રહેલી તૈયારી અંગે વડાપ્રધાનને માહિતાગાર કર્યા હતા.

શહેરના ૨૨૦ જંકશન પર સોલાર બ્લિન્કર્સની લાઈટો ઝબુકતી થશે

બેટરી ચોરીની સમસ્યાથી લાંબા સમયથી બંધ બ્લિન્કર્સ હવે જગમગતા થશે : ગતિ નિયંત્રણ માટે નગરના મુખ્ય ૨૫૫ સ્થળોએ બિલ્ન્કર્સ મુકવામાં આવ્યા છે

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમટિના ઓવારણા લેવા માટે તડામાર કામગીરી ચાલી રહી છે. નગરના માર્ગોની સુધારણા સહીત રોડ ફર્નિચર અને બ્યુટિફિકેશનના અનેકવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગોને વધુ નયનરમ્ય બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર ક્રોસ માર્ગોને અનુલક્ષી મુકવામાં આવેલા સોલાર બ્લિન્કર્સ પણ પુન : જબુકતા થાય તે મુજબ આયોજન કરવામાં આવ્યુ છે. સોલાર બેટરી ચોરીના લીધે હાલ મોટાભાગના બ્લિન્કર્સ બંધ છે. ત્યારે હવે તંત્ર દ્વારા આ સમસ્યાને ડામવા માટે ઈન બ્યુલ્ટ બેટરી નાંખવામાં આવશે નગરના વિવિધ ૨૨૦ ઠેકાણે આ મુજબની કામગીરી હાથ ધરાશે.

નગરના મુખ્ય માર્ગો પર ગતિ નિયંત્રણ જળવાઈ રહે તે માટે મુખ્ય જંકશન પર સોલાર બ્લિન્કર્સ મુકવામાં આવ્યા છે જેના લીધે લબુક જબુક થતી લાઈટના લીધે મુખ્યમાર્ગો પર પુરપાટ આવતા વાહનોને ક્રોસ જંકશનનો ખ્યાલ આવતા અકસ્માત થવાની સંભાવના ઘટી જાય છે આ હેતુથી શહેરના મુખ્યમાર્ગો પર આ વિવિધ ૨૫૫ ઠેકાણે સોલાર બ્લિન્કર્સ મુકવામાં આવ્યા હતા પરંતુ ઘણાં સમયથી આ લાઈટીંગ પોલ્સની બેટરી ચોરી થતા બ્લિન્કર્સ બિન ઉપયોગી નિવડયા છે. શહેરના મુખ્યમાર્ગો પર વિવિધ પોઈન્ટ પર મુકવામાં આવેલા આ બ્લિન્કર્સ પૈકી ૨૨૦ માંથી બેટરીની ચોરી થઈ ગઈ છે. પાટનગર યોજના વિભાગ દ્વારા સોલાર બેટરીની ચોરી થવાના મામલે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી પરંતુ જાણભેદુ ગઠીયાઓની આ હરકત બંધ ન થતા તંત્રએ આખરે ઉપાય રીતે સોલાર બિલ્નકર્સમાં ઈન બ્યુલ્ટ બેટરી નાંખવાનો નિર્ણય લીધો છે. શહેરના મુખ્યમાર્ગો પર વાહનોમાં ગતિ નિયંત્રણ ન જળવાતા માર્ગ સલામતી જોખમાય છે. જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી મુખ્યમાર્ગો પર આવતા વાહનોને દુરથી જ ક્રોસ જંકશનનો ખ્યાલ આવી જાય તે માટે આ પ્રકારના બ્લિન્કર્સ મુકવામાં આવ્યા છે. અગાઉ સર્કલ વિસ્તારમાં પણ વાહનો પલ્ટી ખાતા બંધ થાય તે માટે સર્કલ ફરતેના વિસ્તારને વિશેષ રીતે વિકસાવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી. જેમાં શહેરના સર્કલ વિસ્તારને વિદેસની ઢબે વિકસાવી ઝીબ્રા ક્રોસિંગના પટ્ટા સાથે સોલાર બ્લિન્કર્સ પણ મુકવામાં આવ્યા હતા. શહેરના મુખ્યમાર્ગો પર સર્કલવાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે ત્યારે નગરને સોહામણુ બનાવવા માટે તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. નગરના માર્ગોની સપાટી લીસ્સી કરવાની સાથે કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ કરવાનુ આયોજન છે. ત્યારે મુખ્ય જંકશન પર સ્થિત સોલાર બ્લિન્કર્સની લાઈટો પણ જગમગતી થાય તે માટે હવે બેટરી ચોરીની સમસ્યામાંથી છુટકારો મેળવવા માટે ઈન બ્યુલ્ટ બેટરી નાંખવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત ૮ લાખ રૂપિયાનો ખર્ચ કરાશે. વાઈબ્રન્ટ સમિટ પુર્વે આ કામગીરી પુર્ણ કરી દેવાશે.

રાજ્યમાં કોરોનાના નવા ૩૧ કેસ

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં ગુરૂવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કોરોનાના નવા ૩૧ પોઝીટીવ કેસ નોંધાયા હતા. અને ૩૨ દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી હતી. નોંધનીય છે કે, આજે એકપણ દર્દીનું કોરોનાથી મૃત્યુ થયું નથી. રાજ્યમાં કુલ ૧૦૦૯૨ મૃત્યુ નોંધાયા છે જ્યારે ૮,૧૬,૯૨૦ લોકોને કોરોનાને મ્હાત આપી છે. આજે દિવસ દરમિયાન વધુ ૫,૧૬,૦૫૪ લોકોએ કોરોનાની રસી લીધી હતી. આજે નોંધાયેલા કેસમાં સૌથી વધુ ૧૦ કેસ અમદાવાદમાં, ૮ કેસ વડોદરામાં અને ૩ કેસ સુરતમાં નોંધાયા છે જ્યારે જામનગર, કચ્છ અને નવસારીમાં બે-બે કેસ નોંધાયા હતા. જ્યારે ભરૂચ, રાજકોટ, ગીર સોમનાથ અને પોરબંદરમાં ૧-૧ કેસ નોંધાયો છે.

શહેરમાં પારો વધુ ત્રણ ડિગ્રી ગગડ્યો છેલ્લા ચાર દિવસમાં દસ ડિગ્રી ઘટ્યો

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઓછી થતાં પુનઃ ઠંડી વધી : લઘુત્તમ તાપમાન સડસડાટ ઘટતા ઠંડીનો અહેસાસ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં પુનઃ ઠંડીની જમાવટ થઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઓછી થતાં અને વાદળો વિખેરાતા શહેરમાં કડકડતી ઠંડીનો પ્રારંભ થયો છે. એક દિવસમાં પારો ત્રણ ડિગ્રી ઘટ્યો હતો જ્યારે છેલ્લા ચાર દિવસમાં લઘુત્તમ તાપમાનમાં દસ ડિગ્રીનો ઘટાડો થતાં કડકડતી ઠંડીનો અનુભવ સૌ કોઈ કરી રહ્યા છે.

નવેમ્બર માસના છેલ્લા માસમાં વાતાવરણમાં ફેરફાર થયો હતો. ઠંડી સારી એવી પડી રહી હતી તે સમયે જ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ રાજ્યના ઘણા ભાગોમાં માવઠુ પડ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં પણ બે-ત્રણ દિવસ માવઠાની અસર જોવા મળી હતી. ક્યારેક છાંટા પણ પડ્યા હતા. વાદળોની આવનજાવન વચ્ચે પારો ઉંચકાયો હતો. પવનની દિશા બદલાતા લઘુત્તમ તાપમાન વધ્યુ હતુ. છેલ્લા ચાર દિવસની વાત કરીએ તો ગત ૨૨મી નવેમ્બરના રોજ લઘુત્તમ તાપમાન વધીને ૨૨ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. ૨૨ ડિગ્રીએ તાપમાન પહોંચતા ગરમી લાગવા માંડી હતી. ગરમ વસ્ત્રોની જરૂરીયાત જ જાણે રહી ન હતી.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ધીમે ધીમે ઓછી થતાં પુનઃ ઠંડી વધવા માંડી છે. તબક્કાવાર લઘુત્તમ તાપમાન વધી રહ્યુ છે.

કયા દિવસે કેટલું લઘુત્તમ તાપમાન

દિવસ	લઘુત્તમ તાપમાન
૨૨ નવેમ્બર	૨૨
૨૩ નવેમ્બર	૧૯
૨૪ નવેમ્બર	૧૫
૨૫ નવેમ્બર	૧૨

૨૩મી તારીખે તાપમાનમાં ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો અને પારો ૧૯ ડિગ્રી એ પહોંચ્યો હતો. ત્યારબાદ ગઈકાલે ૨૪મીએ પારો પુનઃ ચાર ડિગ્રી જેટલો ગગડીને ૧૫ ડિ.સે. નોંધાયો હતો. જ્યારે આજે લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી જેટલુ ગગડીને ૧૨ ડિ.સે. પર પહોંચ્યુ હતુ. લઘુત્તમ તાપમાનમાં ચાર જ દિવમસાં ૧૦ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. હજુ ચાર દિવસ અગાઉ ગરમી લાગતી હતી ત્યાં આજે ખૂબ ઠંડી લાગી રહી છે. વસાહતીઓને ઘરમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

મનપાની ૬ થી ૭ શાખાઓ હવે સોમવારથી નવા બિલ્ડીંગમાં ખસેડાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સેવાસદનમાંથી ધીમી ગતિએ તેની કચેરીઓનું સ્થળાંતર કરશે. સોમવારથી આ અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ઈન્ટરનેટ અને અન્ય સુવિધાઓની તાત્કાલિક જરૂરિયાત નથી તેવી સાત જેટલી શાખાઓનું આગામી સોમવારથી સ્થળાંતર જુના ફર્નિચર સાથે નવી મનપાની કચેરી ખાતે કરવામાં આવશે.

મનપાની નવી કચેરી માટેના નવા ફર્નિચર માટેનું ટેન્ડર જારી કરી દેવામાં આવ્યુ છે. પરંતુ હજુ તે એજન્સી નિયત થયા પછી કામગીરી હાથ ધરાશે ત્યારે નવા મકાનનો ઉપયોગ ઝડપથી કરવો પણ જરૂરી છે ત્યારે મનપાના સત્તાધીશોએ હાલ ૭ જેટલી શાખાઓનું સ્થળાંતર નવી કચેરીમાં કરવાનો નિર્ણય લીધો છે.

મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે એક-બે શાખા દ્વારા શનિવાર અને રવિવારની રજા દરમ્યાન સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવશે જ્યારે બાકીની ૪ થી વધુ શાખાઓની કામગીરી સોમવારથી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં હવેથી સી પ્લેનની સુવિધા વધુ ૪ નવા સ્થળો પરથી પણ ઉપલબ્ધ થશે

અમદાવાદ, તા.૨૫

ઉતર ગુજરાતના નાગરિકોને અન્ય શહેરો સાથે ઉડ્ડયન સેવાઓનો લાભ મળે તે હેતુસર ડીસા એર સ્ટ્રીપ ઝડપથી શરૂ થાય તે હેતુસર જમીન સોપણી માટે કેન્દ્રને દરખાસ્ત કરવામાં આવી છે. એવી જ હીતે ઉડાન પ્રોજેક્ટ અંતર્ગત શાકભાજી અને ફળોની નિકાસ સુવિધાઓ પુરી પાડવા નવા કોલ્ડ સ્ટોરેજ નિર્માણ માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટના ગ્રીન ફિલ્ડ એરપોર્ટ માટે પણ નાગરિકોને સુવિધા પુરી પાડવા એવીએશન પાર્કના જોડાણ માટે ટેક્ષી-લિંક સાથે કેશોદ એરસ્ટ્રીપને ઉડાન સેવા અંતર્ગત પાર્કીંગના સુવિધાના પ્રશ્નો સત્વરે હલ કરવા કેન્દ્રમાં રજૂઆત કરવામાં આવી છે.

રાજ્યના પ્રવાસન વિભાગ અને સિવિલ એવિએશન વિભાગ એકબીજા સાથે મળીને તૈયારીઓ કરી રહ્યા છે, જે અંતિમ તબક્કામાં છે. રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓના મતે, આ તમામ પ્રક્રિયા માટે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને કેન્દ્ર સરકારની અન્ય એજન્સીઓ પાસેથી મંજૂરી મેળવાઈ છે. આ તમામ આકર્ષણો જાન્યુઆરીમાં શરૂ થનારી વાઈબ્રન્ટ સમિટ પહેલાં શરૂ કરાશે.

સરકાર કર્મયોગીઓ માટે કેશલેસ મેડીક્લેઈમ પોલીસી અમલી બનાવે

સચિવાલય સેક્શન ઓફિસર્સ એશો.એ પત્ર લખી સરકારને ઝડપી નિર્ણય કરવા માંગ કરી

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે કેશલેસ મેડીક્લેઈમ યોજનાનો અમલ કરવા બાબતે સચિવાલય સેક્શન અધિકારી એસો.એ રાજ્યના આરોગ્ય મંત્રીને એક પત્ર લખી માંગ કરી છે. એસો.ના પ્રમુખ જયેશ રાવલ અને મહામંત્રી બિન્દેશવન ગોંસાઈએ લખેલા આ સંયુક્ત પત્રમાં સાતમા પગારપંચની જોગવાઈ મુજબ મેડીકલ ભથ્થુ નહિ ચુકવાતુ હોવાની તેમજ મેડીકલ રિએમ્બર્સમેન્ટ યોજનામાં પણ વિલંબથી નાણાં મળતા હોવાની વાત કરી છે.

આ પત્રમાં તેમણે મંડળો દ્વારા ૨૦૦૫ થી કેશલેસ મેડીક્લેઈમ યોજનાની માંગ કરી રહ્યા હોવાની વાત દોહરાવતા જણાવ્યુ છે કે વારંવાર સરકારે ખાત્રી આપી છે પણ હકારાત્મક ઉકેલની દિશામાં કોઈ જ કાર્યવાહી સરકાર દ્વારા થઈ નથી તે દુઃખદ છે. સાતમા પગારપંચમાં ૧૦૦૦ મેડીકલ ભથ્થાની વાત છે જો આ રકમ સરકાર દ્વારા ચુકવવામાં આવે તો વાર્ષિક ૮૪૦ કરોડનો બોજો આવે તેમ છે ત્યારે કેશલેસ મેડીક્લેઈમ યોજનાના અમલથી રાજ્ય સરકારના ભારણમાં ઘટાડો થશે એમ કહી યોજનાના અમલ માટે વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે.

તેમણે તેમના પત્રમાં જે પ્રકારે આયુષ્યમાન ભારત, મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત મફત અને સારી ગુણવત્તાસભર સરકારી હોસ્પિટલ કે મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કેશલેસ મેડીકલ સારવારની યોજના અમલમાં છે તે પ્રકારે સરકાર તેના કર્મચારીઓ માટે પણ તબીબી ભથ્થાના સ્થાને કેશલેસ મેડીક્લેઈમ પોલીસીનો લાભ આપે તેમ કહ્યુ છે. આ માગં સ્વીકારવાથી કર્મચારીઓમાં સંતોષની લાગણી ઉભી થશે સાથે પ્રશાસનમાં પણ તેઓનું ઉત્કૃષ્ટ યોગદાન તેઓ આપી શકે તેવો નિર્ણય કરવા આગ્રહ કર્યો છે.

જિલ્લા પંચાયતની સ્વચ્છતા અંગે એજન્સી સામે પગલાં લેવા પ્રમુખે પત્ર લખ્યો

વારંવારની સૂચનાઓ પછી પણ અમલવારીમાં દેખાતી ઉદાસીનતા સામે પ્રમુખની લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સ્વચ્છતા જળવાતી નથી તેમજ સ્વચ્છતાની કામગીરી કરતી એજન્સી ઉડાઉ જવાબો આપી રહી હોવાથી તાત્કાલિક આ બાબતે કાર્યવાહી કરી અને તેની જાણ કરવા માટે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે આજે જિલ્લા વિકાસ અધિકારીને એક તીખો પત્ર લખ્યો છે.

અત્યંત શાંત જણાતા દિલીપભાઈ પટેલે આજે ખુબ જ કડક વલણ અખત્યાર કરી આ બાબતે અધિકારીઓને પણ સપ્ત રીતે ખખડાવી નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લા પંચાયત સંકુલમાં સ્વચ્છતા નહિ જળવાતી હોવાની, યુરિનલની સ્વચ્છતા પણ જળવાતી નહિ હોવાની વાતને લઈ સપ્ત નારાજગી વ્યક્ત કરી એજન્સી સામે કડક કાર્યવાહી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારીને સૂચવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં આગની બનેલી ઘટના પછી હજુ પણ બે બ્લોકમાં સફાઈની કામગીરી જોઈએ તેવી થઈ નથી. કર્મયોગીઓ માટેના યુરિનલ્સ કે ટોયલેટની સ્વચ્છતા જળવાતી નથી તેમાં પાણી પણ આવતુ નહિ હોવાનું તેમણે ફરિયાદો કરી છે.

એક તરફ સ્વચ્છતા અભિયાનની ઝુંબેશો ચાલી રહી છે ત્યારે પાટનગરની જિલ્લા પંચાયતમાં જ દિવા તળે અંધારા જેવી સ્થિતિ ઉભી થઈ હોવાને લઈ પ્રમુખે નારાજગી વ્યક્ત કરી છે.

તેમણે જિલ્લા પંચાયતની લાઈન લિકેજીસ માટે વારંવાર સૂચનાઓ પછી પણ દુરસ્તીની કામગીરી નહિ થતી હોવાની, પેવર બ્લોક લગાવવાની અપાયેલી સૂચનાનું પાલન નહિ થવા સહિતની બાબતોનો ઉલ્લેખ પણ તેમણે તેમના પત્રમાં કર્યો છે.

જિલ્લા પંચાતના પ્રમુખે જ તંત્રની કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી અને જવાબદારો સામે પગલાં લેવાની કરેલી વાતને લઈ પંચાયતના વર્તુળમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

સ્વચ્છતા અભિયાનને લઈ વ્યક્ત કરાયેલી નારાજગીનો મુદ્દો ખુબજ ગંભીર હોવાનું મનાઈ રહ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા હવે શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની મીટ મંડાઈ છે. પંચાયત સંકુલની સફાઈના મુદ્દે અગાઉ પણ પ્રમુખે નારાજગી વ્યક્ત કરી હતી પરંતુ પછી મુદ્દો શમી ગયો હતો.

ગુડા વિસ્તારમાં રોડ નેટવર્કને ટનાટન બનાવવા ૬૮ કરોડનો ખર્ચ કરાશે

એસ જી હાઇવેની દક્ષિણ અને ઉત્તર એમ બે ભાગમાં વિવિધ ૧૬ગામોમાં માર્ગ નવિનીકરણ અને રીસરફેસીંગના કામો હાથ ધરાશે : બે એજન્સી નિયત કરી જાન્યુઆરી સુધીમાં કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૫

ગુડા વિસ્તારમાં રોડ નેટવર્કને અનુલક્ષી માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે. ગુડા વિસ્તારમાં એસ જી હાઈવેની દક્ષિણ અને ઉત્તર બાજુના વિવિધ ૧૬ જેટલી ટી પી સ્કીમના વિસ્તારમાં માર્ગોનુ નવિનીકરણ કરવામાં આવશે. ૧૬ ગામના શહેરી વિસ્તારમાં માર્ગોની કામગીરી પાછળ રૂ ૬૮ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે. માર્ગ નવિનીકરણ તેમજ રીસરફેસીંગના આ કામો માટે બે જુદી જુદી એજન્સી પણ નિયત કરવામાં આવશે.

ગાંધીનગર આસપાસના નવા વિકસિત વિસ્તારમાં ગુડા દ્વારા માર્ગ નિર્માણની કામગીરીને અનુલક્ષી પ્લાન તૈયાર કરી દેવાયો છે. જે મુજબ એસ જી હાઈવેના દક્ષિણ અને ઉત્તર તેમ બન્ને બાજુના ટી પી વિસ્તારમાં માર્ગ નવિનીકરણના કામો હાથ ધરવામાં આવશે. માર્ગ નવિનીકરણની આ યોજના અન્વયે કોબા, કુડાસણ, ધોળાકુવા , રાંદેસણ ,ઈન્દ્રોડા, સરગાસણ, પોર, વાસણા હડમતિયા, ઉવારસદ, તારાપુર, અડાલજ , શેરથા, વાવોલ, કોલવડા, પેથાપુર , ચિલોડા સહીત ૧૬ ગામોનો સમાવેશ કરાયો છે. ગુડા દ્વારા વરસાદી દિવસોમાં માર્ગોને નુકશાની થઈ હોય તેવા કિસ્સામાં રસ્તાોનુ સમારકામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે વર્ષ ૨૦૨૨ દરમિયાન માર્ગોની સિકલ બદલાઈ જાય તે દિશામાં પણ આયોજન કરી દેવાયુ છે. ગુડા દ્વારા નવા માર્ગોનુ નિર્માણ કરવામાં આવશે જયારે માર્ગોના રીસરફેસીંગનુ પણ કામ હાથ ધરાશે. જે મુજબ ટી પી સ્કીમ નંબર ૧ થી ૧૧ અને ૧૩ થી ૧૭ ના વિસ્તારમાં અંદાજિત ૫૦ કીલોમીટરના લંબાઈમાં પ્રત્યેક માર્ગોને ચકાચક બનાવાશે. જેના લીધે ગુડા વિસ્તારમાં દરેક ઠેકાણે રહીશો તેમજ મુલાકાતીઓને યોગ્ય રોડ નેટવર્ક ઉપલબ્ધ થશે. માગોની કામગીરીમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com